**એસ.એમ.સી. કોલેજ ઓફ ડેરી સાયંસ, આણંદ કૃષિ યુનીવર્સીટી નો વિદ્યાર્થી ન્યુયોર્ક ખાતે યોજાનાર આંતરરાષ્ટ્રીય કૉન્ફરન્સમાં ભાગ લેશે**



**એસ.એમ.સી. કોલેજ ઓફ ડેરી સાયંસ, આણંદ કૃષિ યુનીવર્સીટી,** આણંદનો વિદ્યાર્થી સાવન જીતેન્દ્રકુમાર પટેલ અમેરિકાના ન્યુયોર્ક ખાતે યોજાનાર કૉન્ફરન્સમાં ભાગ લેવામાટેપસંદગીપામ્યોછે. બી.ટેક. (ડેરી ટેકનોલોજી) નાં ત્રીજા વર્ષ માં અભ્યાસ કરતો આ વિદ્યાર્થી યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલીના સહયોગથી આયોજીત ત્રીજી એન.વાય.સી. ગ્રીન સ્કૂલ કૉન્ફરન્સ, ૨૦૧૯માં ક્લાઈમેટ ચેઈન્જ અંગે પ્રૉજેક્ટ રજૂ કરશે. આ માસના અંતિમ સપ્તાહમાં યોજાનારી આ કૉન્ફરન્સમાં સાવન પટેલ તથા તેની રાહબરી હેઠળ પ્રોજેકટ પર કામ કરતા ત્રણ વિદ્યાર્થીઓની ટીમ દ્વારા આ પ્રૉજેક્ટ રજૂ કરવામાં આવનાર છે. કૉલેજના આચાર્ય, ડૉ. જે.બી. પ્રજાપતિ સાવન પટેલ તથા ટીમને અભિનંદન આપતાં જણાવ્યું હતું કે માત્ર કૉલેજ કે યુનિવર્સિટી માટેજ નહીં, સમગ્ર આણંદ જિલ્લા માટે આ ગૌરવ લેવા જેવી બાબત છે. આ પ્રૉજેક્ટમાં આર.બી. પટેલ હાઈસ્કૂલ, કાવીઠામાં કેન્દ્ર સરકારના સહયોગથી ચાલતી અટલ ટીન્કરીંગ લૅબનો સહયોગ પ્રાપ્ત થયેલ છે.